# અમરેલી નગર સેવા સદન

અમરેલી-૩૬૫૬૦૧

પ્રમુખ (ઓ)
ચી.ઓ. (ઓ)

ફ્રાયર : ૧૦૧
સેવા કેન્દ્ર : ૨૨૦૯૧૬

E-Mail : amrelimunicipality@yahoo.com

જા.નં. : ટી.પી./ ૧૦ /૨૦૨૪-૨૫ તારીખ : ૦૩/૦૭/૨૦૨૪

**અમરેલી નગર સેવા સદન – અમરેલી**
**ફોર્મ નં. ૧૪ (જુઓ નિયમ – ૩.૮.૧)**

**–: વપરાશ અંગેનું પ્રમાણપત્ર :–**

આથી હું પ્રમાણિત કરું છું કે, અરજદાર **શ્રી ચતુરભાઇ ખોડાભાઇ ખૂંટ (ટ્રસ્ટી), શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ- સુરત**ની તા. **૨૩/ ૦૨/ ૨૦૨૪** ની બાંધકામ વપરાશ પરવાનગી મેળવવા બાબતની અરજી નીચે દર્શાવેલ ટેબલમાં વર્ણવેલ બાંધકામ/ વપરાશ કે જે :– રે.સ.નં. **પ૨પ/ ૧ પૈકી અને પ૨૬ પૈકી** અનુક્રમે પ્લોટ નં. **૧૭ થી ૨૪ અને ૧૧૦, ૧૭૨ થી ૧૮૯,** સી.સ.નં. **NA ૫૨૫/ ૧બn/ ૧/ ૧૭,** ગામ- અમરેલી, તા.- જી.- અમરેલી, કે જે અમરેલી એરીયા ડેવલપમેન્ટ ઓર્થોરીટી વિસ્તારમાં આવે છે. જેમાં આપની અરજીના સંબંધે અત્રેથી તા. **૦૧/ ૦૪/ ૨૦૨૪** ના રોજ કરાયેલ સ્થળ નિરીક્ષણ મુજબ નીચે દર્શાવ્યા મુજબની હયાતી સ્થળ સ્થિતિની વિગત માલુમ પડેલ છે.

ઉપરોકત બાંધકામ લાયસન્સની આર્કીટેકટ/ એન્જીનીયર **શ્રી મનોજકુમાર અજુડિયા** અને સ્ટ્રકચર એન્જીનીયર **શ્રી રીતેશભાઇ ચૌહાણ** ની દેખરેખ હેઠળ, પૂર્ણ કરવામાં આવેલ છે. સદર વિકાસ, જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશનની પ્રવર્તમાન જોગવાઇઓ તથા અરજદારશ્રી દ્વારા રજૂ કરેલ કંપ્લીશન ડ્રોઈંગ અને અત્રેથી આપવામાં આવેલ વિકાસ પરવાનગી ક્રમાંક 1010BP22230374, તા. **૩૦/ ૦૧/ ૨૦૨૩** ની સાથે મહદઅંશે સુસંગત હોઈ, અત્રે રજુ કરવામાં આવેલ કમ્પ્લીશન ડ્રોઈંગમાં સુચિત કરેલ આંતરિક ફેરફાર સાથેના ૪ (ચાર) ફલોરના બાંધકામમાં કુલ ૪ (ચાર) એકમ પુરતી જ નીચે દર્શાવેલ હેતુ માટે આ સાથેની પાછળ દર્શાવેલ ખાસ શરતો નં.– (૧) થી (૧૫) ને આધિન સ્થળે કરાયેલ ૪ (ચાર) ફલોર પુરતા જ બાંધકામ વપરાશ અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

| અનુ. નં. | યુનિટનું નામ / ફલોર | વિકાસનું ઉપયોગી ક્ષેત્રફળ (ચો.મી.) | રીમાર્કસ (એકમનાં નામોં) | એકમની સંખ્યા | વિકાસનો ઉપયોગ |
|---|---|---|---|---|---|
| ૧ | ગ્રાઉન્ડ ફલોર | ૯૨૦.૯૦ | ગ્રાઉન્ડ ફલોર | ૦૧ | શૈક્ષણિક (હાયર સેકન્ડરી સ્કૂલ- EDU 1) |
| ૨ | ફર્સ્ટ ફલોર | ૯૯૮.૨૪ | ફર્સ્ટ ફલોર | ૦૧ | |
| ૩ | સેકન્ડ ફલોર | ૯૧૪.૪૮ | સેકન્ડ ફલોર | ૦૧ | |
| ૪ | થર્ડ ફલોર | ૯૦૮.૯૨ | થર્ડ ફલોર | ૦૧ | |
| ૫ | ટેરેસ ફલોર | ૬૨.૮૯ | | | |
| | કુલ | **૩૮૦૫.૪૩** | | **૦૪** | |

**<u>નોંધ:–</u> સદર બાંધકામ વપરાશ અંગેનું પ્રમાણપત્ર અત્રે રજુ કરવામાં આવેલ કમ્પ્લીશન ડ્રોઈંગના આધારે આપવામાં આવેલ છે.**

**પ્રકરણ ક્રમાંક નં.** – વિકાસ પરવાનગી ક્રમાંક 1010BP22230374

**તારીખ :– ૩૦/ ૦૧/ ૨૦૨૩**

## -: ખાસ શરતો :-

(૧) જનરલ ડેવલમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશનની વખતોવખતની જોગવાઈ અનુસાર ઈમારતની સાચવણી જાળવણીઓ મરામત વખતોવખત કરવાની ખાસ શરતે વપરાશનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

(૨) પ્રવર્તમાન અથવા જે તે સમયના કાયદા અન્વયે ભારત તથા સતામંડળ અને સ્થાનિક સંસ્થાના કરવેરા ભરવાના રહેશે.

(૩) ભવિષ્યમાં સદરહું વિસ્તારની નગર રચના યોજના હેઠળ જમા કરાવવાનો થતો નગર રચના યોજનાની દરખાસ્ત મુજબનો નેટ ડિમાન્ડ, ડ્રેનેજ ચાર્જ તથા અન્ય ફી, ડીપોઝીટ વિગેરે જમા કરાવવામી રહેશે.

(૪) વપરાશ હેતુમાં ફેરફાર કરતા પહેલા અત્રેની પૂર્વ મંજુરી લેવાની રહેશે.

(૫) આ બાંધકામનો વપરાશ પર્યાવરણને હાનિકારક અને ઉપદ્રવકારી ન થાય તે રીતે વપરાશ કરવાનો રહેશે.તેમજ આસપાસના વિસ્તારના રહીશોને અસુવિધા પૂર્વક કે મુશ્કેલીરૂપ ન થાય તે રીતે વપરાશ કરવાનો રહેશે.

(૬) પાર્કીંગ માટે ખુલ્લા રાખેલ ક્ષેત્રફળના માપ કે ઉપયોગમાં કોઈ ફેરફાર કરવાનો રહેશે નહિ.

(૭) હાલે સ્થળ ઉપરના હયાત માર્જીન, સ્ટેરકેસ, લીફ્ટ, કોમન પ્લોટ વિગેરે જેવા સહિયારા વપરાશ માટે મંજુર થયેલ પ્લાનમાં દર્શાવેલ તમામ ખુલ્લી જગ્યા કે બાંધકામવાળી જગ્યાના માપમાં કે ઉપયોગમાં કોઈ ફેરફાર કરવાનો રહેશે નહિ.

(૮) આ પ્રમાણપત્રથી બાંધકામની તેમજ બાંધકામ માટે વપરાયેલ માલસામાનની ગુણવતા પ્રમાણિત કરવામાં આવતી નથી, અને તે અંગે સતામંડળની કોઈ જવાબદારી રહેતી નથી કે રહેશે નહિ.

(૯) આ પ્રમાણપત્રથી બાંધકામની સ્ટ્રકચરલ સ્ટેબિલીટી કે સ્ટ્રકચરલ સ્ટ્રેન્થ પ્રમાણિત કરવામાં આવતી નથી અને તે અંગે સતામંડળની કોઈ જવાબદારી રહેતી નથી કે રહેશે નહિ.

(૧૦) લેબર વેલ્ફરસેસની રકમ ભરપાઈ થયેલ છે.

(૧૧) વિકાસ પરવાનગીની સંખ્યા મુજબ વૃક્ષો વાવી માવજત કરવાની રહેશે. આ અંગે વખતો વખતના નિયમો બંધનકર્તા રહેશે.

(૧૨) ફાયર N.O.C. મેળવવાના રહેશે.તથા તેમજ દર વર્ષે રીન્યુ કરવાના રહેશે.

(૧૩) ઈન્સ્યુરન્સ મેળવવાના રહેશે.તથા તેમજ દર વર્ષે રીન્યુ કરવાના રહેશે.

(૧૪) સુચિત બાંધકામ વિકાસમાં વપરાયેલ – ઉપયોગમાં લીધેલ ગૌણ ખનીજો જેવા કે પથ્થર, રેતી, કપચી વિગેરે અધિકૃત આસામીઓ પાસેથી ખરીદવાનાં રહેશે.અને તેના હિસાબો સરકારશ્રીના સક્ષમ અધિકારીને રજુ કરવાના રહેશે.

(૧૫) ઉપરની કોઈ પણ શરતોનો ભંગ થયેથી અને મંજુરી વગર વપરાશના હેતુ ફેરફારના કિસ્સામાં આ **વપરાશનું પ્રમાણપત્ર આપો આપ રદ થયેલ ગણાશે.**

**પ્રકરણ ક્રમાંક નં. – વિકાસ પરવાનગી ક્રમાંક 1010BP22230374**

**તારીખ – ૩૦/ ૦૧/ ૨૦૨૩**

**નકલ રવાના પ્રતિ :-**

(૧) શ્રી

ચતુરભાઈ ખોડાભાઈ ખૂંટ (ટ્રસ્ટી), શ્રી અમરેલી જીલ્લા લેઉવા પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ-સુરત, સંકુલ સ્કુલ, અમરેલી

અમરેલી નગરપાલિકા ગુજરાત રાજ્ય

**ચીફ ઓફીસર**
**અમરેલી નગરપાલિકા**
**અમરેલી**